# ગુલુ સરદાર

## અનુક્રમ


1. ધોળા દિવસની ધાડ . . . . . . . . . . . . . . . . . . . . . 2
2. ગુલુ સરદારને રહેઠાણે . . . . . . . . . . . . . . . . . . 19
3. માથા સાટે માથું . . . . . . . . . . . . . . . . . . . . . . 36
4. લડાઈ જામી . . . . . . . . . . . . . . . . . . . . . . . . 52
5. ઇસરદાના નવા દાવ . . . . . . . . . . . . . . . . . . . 67
6. રેણુ ક્યાં ગઈ? . . . . . . . . . . . . . . . . . . . . . . 78
7. ગુલુ સરદાર ક્યાં? . . . . . . . . . . . . . . . . . . . . 103

# ધોળા દિવસની ધાડ



ગુલુ સરદાર એનું નામ.

નામ સાંભળતાં જ કાંપી ઊઠીએ એવી એની ધાક.

ગુલુ સરદારના નામની હાક વાગે.

લોકો તો એનું નામ સાંભળતાં ઘરમાં હોય તો વગડામાં ભાગે અને વગડામાં હોય તો પહાડની કોઈ ગુફામાં સંતાય. લોકો તો આમ ડરે

છે, પણ સરકારના શૂરવીર સિપાહીએ અને બડેખાં અમલદારો પણ ધ્રૂજી રહેતા. સમાચાર આવે કે ગુલુ સરદાર આણંદમાં આવ્યા છે તો એને શોધવા સિપાઈઓનું દળ વડોદરા દોડી જાય. કોઈની હામ ના ચાલે કે ગુલુ સરદારની સામે જાય.

વાતો થાય છે કે ગુલુ સરદાર એટલે એક રાક્ષસ જોઈ લો. એવો જ એનો વેશ અને એવો જ એનો દેહ. એવું જ એનું રૂપ અને એવું જ એનું કામ.

એક દિવસ એવો આવ્યા કે એક નાનકડી છોકરી રેણુએ એ ગુલુ સરદારને છક્કડ ખવરાવી દીધી. એવો એને ઢાળી દીધો કે વાત માની પણ ન શકાય, પરંતુ રેણુને મોતના પંજામાં સપડાવું પડ્યું.

કાળ કાળનું કામ કરે છે.

નવાં પાન આવે ને જૂનાં ખરી પડે છે. એનું નામ કાળ. એ કાળ બધાને ખાય. બળવાનનું બળ કાયમ ટકતું નથી. ધનવાનનું ધન કાયમ ટકતું નથી. સત્તાવાનની સત્તા પણ ક્યારેક તો ઊંધી વળે છે જ. આજ નવું છે તે કાલે જૂનું થાય છે. આજે નથી તે કાલે બને છે.

રેણુની આ કહાણી તો યાદ રહી જાય એવી એક કથા બની ગઈ. થડકી ઊઠીએ એવી વાત બની ગઈ.

•

રેણુના પિતાજી હેમુ શેઠ ભારે મોટા વેપારી.

દિલ્હીમાં એમની મોટી પેઢી હતી.

મોટો વેપાર ને મોટી આવક.

મૂળ તો હરદ્વાર બાજુના રહેવાસી, પહાડ અને જંગલની વચ્ચે એક નાનું ગામડું. એમની એ જન્મભૂમિ.

હવે તો તેઓ ગામડાના નથી રહ્યા. દિલ્હીવાસી બની ગયા છે. ઠાઠ પણ એવા છે. ધન છે, માન છે અને સુખ ને સાહેબી છે.

મા અને માતૃભૂમિ માણસને ક્યારેક સાંભરે જ.

ભલેને પરદેશમાં વસીએ.

ભલે મોટા શહેરમાં વસીએ. પણ જ્યાં આપણો જન્મ થયો હોય, તે ગામડું આપણે ભૂલી નથી શકતા.

ભલે આપણે મોટા મહેલમાં વસતાં હોઈએ. પણ જે ઝૂંપડામાં આપણે જન્મ્યા અને આપણા બાપદાદા રહેતા તે ઝૂંપડું આપણાથી ભુલાતું નથી.

હેમુ શેઠનેય પોતાની જન્મભૂમિ સાંભરી.

દિવાળીના દિવસો આવ્યા.

હેમુ શેઠને પોતાનું ગામ સાંભર્યું. પોતાનું એ જૂનું ઘર સાંભર્યું. પોતાના બાળપણના એ મીઠા દિવસો સાંભર્યા.